અંગત પ્રકાશન માટે

ECHOES
INDIA

શ્રી રામચંદ્ર મીશન®

માર્ચ 2014 વર્ષ 7, અંક 2



# પૂજ્ય લાલાજી મહારાજનો 141મો જન્મોત્સવ 1 થી 4 ફેબ્રુઆરી 2014

## મણપાક્કમ

માસ્ટરે 2જી ફેબ્રુઆરીએ સવારે 7.30 વાગે સત્સંગ કરાવ્યો હતો. તેઓ જેવા વ્હીલચેરમાં બેસીને હોલમાં પ્રવેશ્યા, ત્યારે લગભગ 4000 અભ્યાસીઓએ આપમેળે તાળીઓ પાડવાનું શરૂ કરી દીધું હતું. સત્સંગ પછી, માસ્ટરે વક્તવ્ય આપ્યું હતું, જેનો મુખ્ય મુદ્દો ‘અહીં અને અત્યારે જ’ હતો. તેમણે કહ્યું હતું કે અભ્યાસીઓએ સમય બરબાદ ન કરવો જોઈએ, સમય ઓછો હોવાથી તેમણે તેમના દૈનિક અભ્યાસ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે કહ્યું કે સહજ માર્ગ દ્વારા કોઈપણ મનુષ્ય માટે એક જ જીવનકાળ દરમિયાન મુક્તિ મેળવવી સંભવ છે, જ્યારે પહેલાંના સમયમાં તે માટે હજારો ને હજારો વર્ષો લાગતાં હતાં.


સાંજે સત્સંગ પછી, ચેન્નાઈના યુવકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. 4થીએ, વસંત પંચમીના દિવસે સવારે 7.30 વાગે માસ્ટરે સત્સંગ કરાવ્યા પછી, બહેન માધુરી ક્રિષ્નાએ ‘વ્હિસ્પર્સ’માંથી સંદેશ વાંચી સંભળાવ્યો હતો.. ત્યાર પછી ભાઈ ક્રિષ્નાએ માસ્ટરના જીવનમાંથી કેટલાક પ્રસંગો કહ્યા હતા. 1964માં વસંત દરમિયાન અભ્યાસી તરીકે મિશનમાં જોડાઈને માસ્ટરે પચાસ વર્ષ પૂરા કર્યા છે. ભાષણ પછી, માસ્ટરે કેક કાપી હતી. તેઓ જ્યારે હોલમાંથી બહાર જઈ રહ્યા હતા, ત્યારે એક રશિયન યુગલે લગ્ન કરાવી આપવા માટે તેમનો સંપર્ક સાધ્યો હતો અને તેઓ સહમત થયા હતા. ત્યાર પછી માસ્ટર કામચલાઉ કેન્ટિનનું ઉદ્‌ઘાટન કરવા ગયા હતા. ત્યાં સુધી હોલમાં ભાઈ ગુરપ્રીત ચરને થોડાં ભજનો ગાયાં હતાં. ઉત્સવોની પૂર્ણાહુતિમાં, સાંજે 6.30 વાગે ભાઈ ગણેશ અને ભાઈ કુમારને ગીત ગાયાં હતાં ત્યારે બહેન જયંતિએ તેમને વીણા પર સાથ આપ્યો હતો.











## 1થી 4 ફેબ્રુઆરી 2014, તિરુપુર

ઘણા લાંબા સમય પછી, લાલાજી મહારાજના જન્મોત્સવ માટે આંતરરાષ્ટીય ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. 1લી ફેબ્રુઆરીથી 4થીએ તિથિ મુજબ વસંત પંચમી હોવાથી ચાર દિવસનો ભંડારો હતો. અભ્યાસીઓએ ઉત્સવ પહેલાં જ સ્થળ ઉપર તૈયારી શરૂ કરી દીધી હતી, તેના માટે કામ કર્યાં હતાં અને બધું સમેટવામાં પણ મદદ કરી હતી. તિરુપુરમાં અપેક્ષા મુજબ ઉચ્ચ કક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. 2જી સુધીમાં તો અભ્યાસીઓની સંખ્યા 16,500 ને આંબી ગઈ હતી, જેમાં 1500 સ્વયંસેવકો અને 1729 બાળકો હતાં.

રોજ ત્રણ સત્સંગ રાખવામાં આવતા હતા, સવારે 6.30 વાગે, 11 વાગે અને સાંજે 5 વાગે. કમલેશભાઈએ સત્સંગો કરાવ્યા પછી પાંચ ભાષણો આપ્યાં હતાં અને પ્રશિક્ષકો માટે એક ભાષણ આપ્યું હતું. આ ભાષણોથી અભ્યાસીઓને વધારે ઊંડા ઉતરવામાં, તેમની સમજમાં સુધારો લાવવામાં અને જે અગત્યનું છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ મળી હતી.

માસ્ટરની આધ્યાત્મિક હાજરી ઉત્સવના દરેક પાસામાં અનુભવાતી હતી, જો કે શારીરિકરૂપે ઉત્સવમાં હાજર રહી શક્યા ન હોવા છતાં, તેઓ 2જીએ સવારના સત્સંગ પછી, ચેન્નાઈથી વેબલીંક દ્વારા જોડાઈ શક્યા હતા, ત્યારે તેઓ સંમેલન સમક્ષ બોલ્યા હતા. ઉત્સવ કમિટિના ચેરમેન તરીકે કમલેશભાઈએ દરેક અભ્યાસીને વાસ્તવિક રીતે શિસ્તબધ્ધ રહીને ભંડારાનાં સૂક્ષ્મ સ્પંદનો પ્રત્યે તેમની વર્તણુંકને અનુકૂળ બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

2જીએ સવારે, 6.45ના સત્સંગ પછી, કમલેશભાઈએ ચાર લગ્નો કરાવ્યાં હતાં અને 1લી ફેબ્રુઆરી, 2014ના રોજ પ્રાપ્ત થયેલો 'વ્હિસ્પર્સ'નો સંદેશ વાંચી સંભળાવ્યો હતો. થોડાં નવાં પુસ્તકો અને ફોટાઓ બહાર પાડવામાં આવ્યા હતા અને તે પછી ભાઈ ગુરુપ્રીત અને પિયુષે ભજનો ગાયાં હતાં.

કમલેશભાઈના પહેલા ભાષણમાં તેમણે લાલાજીના 'વાર્તાલાપના સિધ્ધાંતો' વાંચ્યા હતા, જેમાં લાલાજીએ આપણને એ સમજવા માટે વિનંતી કરી હતી કે વાર્તાલાપ કરવાની આપણી ઢબ, આપણા મનની સંતુલિત હાલતનું અને આપણા હૃદય અને ચારિત્ર્યની શુધ્ધતાનું પ્રતિબિંબ હોવું જોઈએ.

તે પછીનાં ભાષણોમાં, ભલામણ કરવામાં આવેલી રીત મુજબ નિયમિત સાધનાના મહત્ત્વ વિષે તેમણે વારંવાર ભારપૂર્વક કહ્યા કર્યું હતું. તેમણે આપણા દૈનિક જીવનમાંનાં પરિબળો વિષે કહ્યું હતું, કે જે રીતે આપણે પરસ્પર વાતચીત કરીએ છીએ, જે ખોરાક ખાઈએ છીએ વગેરે, તે બધું આપણી અંદર સંસ્કારો પેદા કરે છે. ધ્યાન કર્યા પછી આપણી હાલત પર મનન કરવાની જરૂરિયાત પર અને પ્રયત્ન પૂર્વક તેને ટકાવી રાખવાની જરૂરિયાત પર ભાર આપ્યો હતો. 4થી ફેબ્રુઆરીએ, તેમણે સૌને અભિનંદન પાઠવ્યા હતા અને કહ્યું હતું કે લાલાજી મહારાજે સમૂહ સત્સંગોની જે શરૂઆત કરી હતી, તેને આ વર્ષે 100 વર્ષ પૂરાં થાય છે. કાયમી મેડિટેશન હોલમાં તેમણે બધા જ પ્રશિક્ષકો, સીઆઈસીઓ અને ઝેડઆઈસીઓને સંબોધ્યા હતા અને 3જી ફેબ્રુઆરીએ બધા જ સ્વયંસેવકોને વિશેષ સત્સંગ કરાવ્યો હતો.

આયોજકોએ વિવિધ વિષયો ઉપર કેમ્પસની ચારે બાજુ સુંદર જાહેરાતોનું આલેખન કર્યું હતું. મેડિટેશન હોલની બરાબર બહાર લાલાજી મહારાજના જીવન અંગેની રજૂઆત કરવામાં આવી હતી. કેન્ટિન અને ચિલ્ડ્રન સેન્ટરની સામે ચારિત્ર્ય ઘડતર અને દસ નિયમો પર કંપયુક્ત પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. કોટેજની નજીકના વિસ્તારને શાંત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો હતો અને હૃદયલક્ષી મૌનના પ્રતિબિંબ અને ધ્યાન માટે એ વિસ્તારનો ઉપયોગ કેવી રીતે કરવો, એ સમજાવતી જાહેરાતો મૂકવામાં આવી હતી.

બાળકોના વિભાગમાં બાળકોને વય મુજબ ત્રણ જૂથમાં વિભાજીત કરવામાં આવ્યાં હતાં, સૌથી નાનાં બાળકો (0–6વર્ષ), નાનાં બાળકો (7–12 વર્ષ) અને તરુણ બાળકો (13–17 વર્ષ). વિવિધ પ્રવૃત્તિઓમાં તેમને વ્યસ્ત રાખવા માટે દરેક જૂથ સ્વૈચ્છિક સેવા માટે સમર્પિત હતું, જે નૈતિક મૂલ્યો અને સહજ માર્ગની સમજ તેમના મનમાં ઉતારવા માટે તેમને એકાગ્ર કરતા હતા. તેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ પણ હતો, જે તેમની આવડતને બહાર લાવતો હતો.



# મણપાક્કમમાંથી સમાચાર

## ડિસેમ્બર 2થી 14, 2013

**પ્રશિક્ષકોની તાલીમ માટેનો સેમિનાર:** આગળના એકોઝમાં ઉલ્લેખ કર્યો હતો એ મુજબ, લગભગ વીસ જેટલા પ્રશિક્ષકોને અને જેમને પ્રશિક્ષક બનાવવાના હતા, તે ઉમેદવારોને તાલીમ માટે મણપાક્કમ આશ્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. દરરોજ સવારે ઉમેદવારોને અંદર બોલાવવામાં આવતા હતા અને માસ્ટર તેમને સીટીંગ આપતા હતા. એક કે બે વાર, તેઓ ગ્રુપ સમક્ષ બોલ્યા હતા અને એ દરેકને વ્યક્તિગતરૂપે મળ્યા હતા અને વાત કઈ હતી. પૂજાની અંતિમ બેઠકોને ચાર દિવસોમાં વહેંચવાની યોજના હોવા છતાં, માસ્ટરે 6ઠ્ઠીએ શુક્રવારે દરેક ઉમેદવારને અંતિમ સીટીંગ આપી હતી. સીટીંગો પછી અને દરેક પ્રશિક્ષકને સર્ટિફિકેટ આપ્યાં પછી માસ્ટરના ચહેરા પર સંતોષ અને રાહતની લાગણી જોઈ શકાતી હતી.

**15મી ડિસેમ્બર, 2013, રવિવાર**: કમલેશભાઈએ રવિવારનો સત્સંગ કરાવ્યો હતો અને તે પછી ટૂંકું ભાષણ આપ્યું હતું. માસ્ટરને અભ્યાસીઓ પ્રત્યે જે પ્રેમ છે એ બાબતમાં તેમણે કહ્યું હતું કે તે પ્રેમ કોઈ પણ જાતની અપેક્ષાઓ વગરનો છે, જ્યારે આપણા પ્રેમમાં અપેક્ષાઓ રહેલી છે.

**ઊંઘ વિષેના નિષ્ણાત:** માસ્ટરે યુએસએથી આવેલા ડોક્ટર સાથે લગભગ અડધો કલાક ગાળ્યો હતો. તે 'ઊંઘ વિષેના નિષ્ણાત' હતા. માસ્ટર તેમનું કાર્ય જાણવા માટે ઉત્સુક હતા. શરીરમાંની જુદી જુદી ખામીઓ/ઉણપો કેવી રીતે ઊંઘના વિકારનું કારણ બની શકે છે તે ડોક્ટરે સમજાવ્યું હતું. ત્યાર પછી તેમણે કહ્યું કે માસ્ટરે રોજ નાળિયેરનું પાણી પીવું જોઈએ. માસ્ટરે હસીને કહ્યું, કે "મને નાળિયેરનું પાણી પીવું ગમે છે અને મને પંસદ હોય તે કરવાની ભલામણ કરે તે ડોક્ટર મને ગમે છે." રૂમમાં હતા તે બધા ખૂબ જ હસ્યા હતા.

**શ્રીલંકા:** ભર–ડિસેમ્બરમાં, શ્રી લંકાથી મણપાક્કમમાં સેમિનાર માટે આવેલા લગભગ સાઠ અભ્યાસીઓ માસ્ટરને મળવા અંદર આવ્યા. જ્યારે તેમણે કહ્યું કે સેન્ટરોમાં વધારો થઈ રહ્યો હોવાથી તેમને વધારે પ્રશિક્ષકોની જરૂર છે. જાણીને માસ્ટર ઘણા ખુશ થયા હતા.

**તડકામાં રાખવામાં આવેલા કાર્યક્રમો:** માસ્ટર નિયમિતરૂપે કાં તો કોટેજની બહાર અથવા કોઈકોઈવાર કોટેજની પાછળ સૂર્યપ્રકાશમાં તાપ લેવા બેસે છે. ત્યારે કાર્યક્રમો કોઈકોઈવાર ચર્ચાને લગતા અને બાકીનો સમય મૌન હોય છે. આનો ઉલ્લેખ કરતાં માસ્ટરે કહ્યું, "મને પણ મારી આજુબાજુ લોકોની જરૂર છે. માત્ર સૂર્યપ્રકાશની જ જરૂર નથી. તે હૃદય છે. તે સૂર્ય પ્રકાશનું, માનવ હૃદય અને ખુશીનું મિશ્રણ છે."



22મી ડિસેમ્બરે માસ્ટરની સ્કીન ગ્રાફ્ટીંગનું ઓપરેશન હતું જેને રુઝ આવતાં થોડા દિવસો લાગ્યા હતા.

**ક્રિસ્મસ:** 25 ડિસેમ્બર, 2013ને બુધવારે, માસ્ટર બહુ વહેલા જાગી ગયા હતા અને સાત વાગ્યા પહેલાં તૈયાર થઈ ગયા હતા. તેઓ ઘણા સ્ફુર્તિલા જણાતા હતા તેમની આસપાસ હતા તે સૌને તેમણે ક્રિસ્મસની વધાઈ આપી હતી. પહેલાં તેમણે મેડિટેશન હોલમાં જઈને સીટીંગ આપવાનું નક્કી કર્યું હતું, પણ તેમના ડોક્ટરની સલાહથી તેઓ ગયા ન હતા. નાસ્તો કર્યા પછી હોલમાં એકત્રિત થયેલા લગભગ સો જેટલા અભ્યાસીઓને માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો. તેમણે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી અને તે પછી સાંભળવાના વિષય ઉપર, અર્થ પર ધ્યાન કરવા વિષે અને તે પછી જે શીખ્યા છે તેને આત્મ–સાત કરવાની બાબત પર બોલ્યા હતા. તેમણે કહ્યું કે નહીંતર, આપણે ફક્ત શિક્ષિત બનીએ છીએ અને ક્યારેય શીખતા નથી.તે એક કલાકનો લાંબો સત્સંગ હતો તે પછી 45 મિનિટનું ભાષણ હતું.

## જાન્યુઆરી–2014




8મી જાન્યુઆરીએ માસ્ટર કમલેશભાઈના નવા ઘેર ગયા હતા. અભ્યાસીઓ માર્ગમાં લાઈનબંધ ઊભા હોવાથી કમલેશભાઈ માસ્ટરની વ્હીલચેર લઈ ગયા હતા. માસ્ટરે પટ્ટી કાપી હતી, અંદર જઈને પ્રસાદ ધરાવ્યો હતો. કમલેશભાઈએ માસ્ટરને આખા ઘરમાં ફેરવ્યા હતા. માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો પણ સત્સંગ દરમિયાન 35 મિનિટની આસપાસ, બધાને ખલેલ પહોંચાડતો કોઈનો મોબાઈલ વાગ્યો અને તરત જ માસ્ટરે સત્સંગ પૂરો કર્યો. માસ્ટર વ્યથિત થઈ ગયા હતા અને ઉગ્ર વક્તવ્ય આપ્યું હતું. મોડેથી બેડરૂમમાં માસ્ટરે કહ્યું, "સીટીંગ અસાધારણ હતી, પણ સેલ ફોનથી મને ખલેલ પડી હતી અને મારે સીટીંગ અટકાવવી પડી."

continued...







માસ્ટરની યોજના ત્યાં રહેવાની ન હતી પણ તેમને મન બદલ્યું અને થોડા દિવસ ત્યાં રહેવાનું નક્કી કર્યું. તેમણે ઘરમાં સૂક્ષ્મ અને આધ્યાત્મિક વાતાવરણ ટકાવી રાખવાની જરૂરત પર ભાર મૂક્યો હતો, જે માસ્ટરને ત્યાં રોકશે. ત્યાં રહ્યા તે દરમિયાન, માસ્ટર ઈરાન, પિથોરાગઢ વગેરે જગ્યાઓએથી આવેલા અભ્યાસીઓના થોડા જૂથને મળ્યા હતા. એક સાંજે, 100થી વધારે અભ્યાસીઓથી ભરેલા હોલમાં માસ્ટર બેઠા હતા અને બધા સાથે પારસ્પરિક વાતચીત કરવાનો સુંદર મોકો તેમને મળ્યો હતો.

### 14મી જાન્યુઆરી, 2014: પોંગલ

માસ્ટર જલદીથી તૈયાર થઈ ગયા હતા અને તેમની રૂમમાં બેઠેલા થોડા લોકોને તેમણે શુભેચ્છા પાઠવી હતી. મેડિટેશન હોલ સુધી જતાં લાઈનમાં ઊભા રહેલા અભ્યાસીઓને ખૂબ શાંતિથી શુભેચ્છાઓ પાઠવી હતી. સત્સંગ પછી ભજન રજૂ કરવામાં આવ્યા હતા સત્સંગ પછી તેઓ ઘણા જ થાકી ગયા હોવા છતાં માસ્ટર બહાર આવ્યા હતા અને તાપમાં બેઠા હતા. પિથોરાગઢથી આવેલા લગભગ 150 અભ્યાસીઓને અંદર જવા દેવામાં આવ્યા હતા અને ત્યારે જ ઓમેગા હોસ્ટેલના લગભગ પચ્ચીસ બાળકો અંદર આવ્યાં હતાં. માસ્ટર બહાર બેઠા હતા તેમણે ભાઈ ક્રિષ્ના અને કમલેશભાઈ સાથે તિરૂવલ્લુર આશ્રમ ખાતે પ્રસ્તાવિત કોટેજના ડ્રોઈંગને જોઈને ચર્ચા કરી હતી.

### 15મી જાન્યુઆરી, બુધવાર: તિરૂવલ્લુર કોટેજનું ભૂમિપૂજન

સવારના ધ્યાન પછી માસ્ટરને ઠીક ન હતું અને તેમના ડોકટરની સલાહ અનુસાર તેમણે તેમની ભૂમિપૂજા માટેની તિરૂવલ્લુરની યાત્રા રદ કરવાનો નિર્ણય લીધો હતો. તેમણે ભાઈ શ્રી કમલેશને તેમના બદલે જવા માટે વિનંતિ કરી હતી. ત્યાંથી પાછા ફરીને તેમણે







જણાવ્યું હતું કે બધું જ સારી રીતે પત્યું હતું અને 1500થી વધુ લોકોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

### તેમનું સ્વાસ્થ્ય:

આ મહિનાના મધ્યમાં માસ્ટરને થોડી શરદી અને કફની અસર હતી.

માસ્ટરે કહ્યું હતું, "જ્યારે હું બિમાર છું, ત્યારે જો હું લોકોને ના મળું, તો તે સારું છે. મને ચિંતા છે કે કદાચ તેઓને મારાથી ચેપ લાગી શકે છે." તેમણે સંગીત સાંભળ્યુ હતું અને તેમને પુસ્તકો વાંચી સંભળાવવામાં આવ્યાં હતાં.

### 18થી 24 જાન્યુઆરી–આંતરરાષ્ટ્રિય સ્કોલરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામ

માસ્ટરની તબિયત સારી નહીં હોવા છતાં પ્રશિક્ષકોને તૈયાર કરવા માટેનું તે લાંબુ સત્ર હતું. રવિવારે માસ્ટર ISTP માં ભાગ લેનારાઓને મળ્યા હતા અને તેમને સિટિંગ આપી હતી. ત્યારબાદ તેમણે લગભગ 30 અભ્યાસીઓને કે જેઓને પ્રશિક્ષક બનાવવાના હતા, તેમની ઉપર પ્રારંભિક કાર્ય કરવા માટે પ્રશિક્ષકોને નીમ્યા હતા., અસ્વસ્થ હોવા છતાં તેઓ શુક્રવાર સુધીમાં કાર્ય પૂરું કરવા સમર્થ હતા. છેલ્લી સિટિંગ પછી તેઓ નવા બનાવેલા પ્રશિક્ષકોને મળ્યા હતા. તેઓને પ્રસાદ આપ્યો હતો અને તે જ સમયે તેમનું પ્રશિક્ષકનું પ્રમાણપત્ર આપ્યું હતું. તેમણે કહ્યું હતું, "કાર્યમાં કોઈ અવરોધ ન આવે તે માટે સિટિંગ દરમિયાન મેં મારા કફ ઉપર કાબૂ રાખ્યો હતો."



### 26મી જાન્યુઆરી, 2014–રવિવાર

માસ્ટરે ભાઈ સંસ્કૃતિ કન્નનનું ગીતા ઉપરનું વકતવ્ય સાંભળ્યુ અને તેઓ ખૂબ જ જુસ્સામાં હતા. સાંજના સત્સંગ દરમિયાન તેઓ આશ્રમમાં ચક્કર મારવા નીકળ્યા હતા. સાંજના 5–45 વાગે તેઓ કોટેજની બહાર આફ્રીકાના અભ્યાસીઓને પણ મળ્યા હતા. માસ્ટરે કોટેજની સામે તેમની સાથે ઘણીવાર વાતો કરી..

### જાન્યુઆરી 31, 2014–ચીનનું નવું વર્ષ.

માસ્ટર સારા સ્વાસ્થ્ય અને ઉત્સાહ સાથે ખૂબ જ વહેલા ઊઠી ગયા હતા અને જ્યારે બહાર બેઠા હતા ત્યારે ખૂબ જ ખુશી અનુભવતા હતા. ચીનના અભ્યાસીઓએ માસ્ટરને કંઈક આપ્યું હતું અને માસ્ટરે તેમને ચાઈનીઝ ભાષામાં નવા વર્ષના અભિનંદન પાઠવ્યા હતા.

અભ્યાસીઓની ત્રણ બસો તિરુપુર જવા નીકળવા માટે તૈયાર હતી. માસ્ટરે ટ્રાન્સ્પોર્ટેશનના અધિકૃત વ્યક્તિને કેવી રીતે બસોને સાથે રાખવી અને એકબીજાને નજરમાં રાખીને અનુસરવું તે અંગેની દોરવણી આપી હતી.

નાસ્તા પછી, માસ્ટર કેનેડીયન અભ્યાસીઓને પ્રાંગણમાં મળ્યા હતા અને તેમણે પ્રાપ્ત કરેલા આશ્રમ માટે તેની ઉજવણી કરી અને કેક કાપી હતી. માસ્ટરે બધાંને અભિનંદન આપ્યા હતા અને બધાંને કેક વહેંચી હતી.





## ઓસનીચા સેમિનાર

**7–12 જાન્યુઆરી, 2014–બાબુજી મેમોરિયલ આશ્રમ, માનાપક્કમ**

ઓસ્ટ્રેલિયા, ફીજી, ન્યુ કેલેડોનિયા અને ન્યુઝીલેન્ડના ઓસનિયા સેન્ટર્સના અભ્યાસીઓ 7 થી 12 જાન્યુઆરી દરમિયાન બાબુજી મેમોરિયલ આશ્રમ, મણપાક્કમમાં ભેગા થયા હતા. સેમિનારમાં પહેલા 4 થી 6 જાન્યુઆરી દરમિયાન પ્રીફેક્ટ્સ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. તેમનું સ્વાસ્થ્ય સારું નહીં હોવા છતાં માસ્ટરે 40 પ્રશિક્ષકો માટે 4થી ના સવારે સત્સંગ રાખ્યો હતો. ત્યારબાદ હૃદયદ્રાવક વકતવ્ય આપ્યું હતું. ત્યારપછી તેઓએ એક કલાક તેમની સાથે પ્રાંગણમાં વીતાવ્યો હતો. ઓડિટોરિયમમાં યોજવામાં આવેલો કાર્યક્રમો પ્રશિક્ષકોને ઊંડુ જ્ઞાન આપનારો હતો.

200થી ઉપરના ભાગ લેનારાઓ માટે ઓસનિયા સેમિનાર ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ બંને માટે વાર્ષિક સામાન્ય સભા સાથે 7મી તારીખે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ભાઈ શ્રી કમલેશે સભાને સંબોધી હતી. બપોરનો સમય વ્યક્તિગત ચિંતન, વ્યક્તિગત સિટિંગ અને બુક–સ્ટોર અને લાઈબ્રેરીની મુલાકાત માટે આપવામાં આવ્યો હતો. યુવાઓએ કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેણે ભાગ લેનારાઓને જકડી રાખવામાં મદદ કરી હતી. તેઓ તેમના સ્વાસ્થ્યના કારણે પૃષ્ઠભૂમિમાં હતા તેમ છતાં માસ્ટરનું લક્ષ્ય ખૂબ જ સ્પષ્ટ હતું. જ્યારે તેઓ પ્રવેશ્યા તે ક્ષણે તેઓએ તેમના પ્રેમને અને બધા જ કાર્યક્રમ દરમિયાન તેમના માર્ગદર્શનને અનુભવ્યું હતું.

10મીની સાંજે ભાઈ કમલેશે યુવાઓને સંબોધ્યા હતા. તેમનો સંદેશો સ્પષ્ટ હતો, "દૈનિક જીવનની સામાન્ય પ્રવૃત્તિઓમાં એટલે જ્યારે જમતા હોઈએ, સૂતા હોઈએ અને વાતચીત કરતા હોઈએ ત્યારે આધ્યાત્મિકતાને કેન્દ્રમાં રાખીને આપણા સમયનો સદુપયોગ કેવી રીતે કરવો" તે અંગેનો હતો.

11મીની સાંજે, તેમની તબિયત સારી નહીં હોવા છતાં માસ્ટર કોટેજના પ્રાંગણમાં અભ્યાસીઓને મળ્યા હતા અને નૈતિક આચરણ ઉપર બોલ્યા હતા. ત્યાર બાદ ખૂબ ઊંડી સિટિંગ આપી હતી. ન્યુઝીલેન્ડની બહેનોએ માઓરીમાં ગીત ગાયું હતું અને ત્યાર બાદ માસ્ટર તેમના અભ્યાસ માટે નિવૃત્ત થયા હતા. રવિવારના સવારના માસ્ટરના સત્સંગની સમાપ્તિ અદ્દભૂત હતી. કમલેશ ભાઈની છેલ્લી વાર્તા આપણી હાલત જાળવી રાખવાનું મહત્ત્વ અને જ્યારે આપણે આપણા ઘરોમાં પાછા ફરતા હોઈએ ત્યારે સમયના સર્વોત્તમ ઉપયોગનું મહત્ત્વ દર્શાવતી હતી.



## આફ્રીકન સેમિનાર

**મણપાક્કમ – જાન્યુઆરી, 2014**



***"તમે અહીં મારી સાથે હો કે ન હો, હું તમારા બધાંની સાથે જ છું, તેમાં વિશ્વાસ રાખો"***

20મી જાન્યુઆરીએ આફ્રીકન સેમિનારના મોટાભાગના 163 ડેલિગેટ્સ. બોટ્સવાના, કેમરુન, ઈજીપ્ત, કેન્યા, મડાગાસ્કર, મોરેશ્યસ, મોરોક્કો, રીયુનિયન, સાઉથ આફ્રીકા, ટાન્ઝાનિયા અને યુગાન્ડાથી આવી પહોંચ્યા હતા. દિવસ દરમિયાન ત્રણ સામૂહિક સત્સંગ હતા. સવારના 6.30 વાગે, 9.00 વાગે અને સાંજના 5.00 વાગે અને બપોરનો સમય વ્યક્તિગત સિટિંગ માટે રાખવામાં આવતો હતો. તે ઉપરાંત વકતવ્યો, વિડિયો(પૂજ્ય માલિકના વકતવ્યો), અભ્યાસી વર્કશોપ, ફેસિલિટેટર્સ વર્કશોપ, પ્રશિક્ષકોનો વર્કશોપ અને માસ્ટર સાથેની મુલાકાત પણ રાખવામાં આવી હતી.

ભાઈ શ્રી રાજેશ રાઠોડે અને ભાઈ શ્રી કમલેશ પટેલે ભાગ લેનારાઓને સંબોધ્યા હતા. આ વકતવ્યો માર્ગ ઉપર સ્પષ્ટિકરણ અને દોરવણી આપનારા હતાં

અભ્યાસીઓએ આગળના દિવસે, માસ્ટરે ISAW જૂથને આપેલ વકતવ્ય નીહાળ્યું, જેમાં તેમણે કહ્યું હતું કે દરેકે મીણબત્તી સળગાવતી દિવાસળી જેવા બનવું જોઈએ. આપણે આપણામાં બદલાવ લાવવો જોઈએ જેથી આપણી ક્રિયાઓ અને વ્યવહાર દ્વારા બીજાઓમાં પણ બદલાવ લાવી શકાય.

ભાગલેનારાઓને એક જૂથ રાખવા અને અરસપરસ વાતચીત કરવાના હેતુ સાથે નાના જૂથોની રચના કરવામાં આવી હતી. વ્યક્તિગત પરિચય પછી દરેક ડેલિગેટ્સને તેમના પોતાના વિષે ત્રણ સરળ પ્રશ્નોના જવાબ આપવાના હતા. માનવીય ધોરણે આ કાર્યક્રમ લાગણીસભર અને હૃદયસ્પર્શી બની ગયો હતો. હાસ્ય અને આંસુઓના સમન્વય સાથે તેઓ એકબીજાને ઓળખી શક્યા અને આફ્રીકન ભાઈઓ અને બહેનો વચ્ચેનું મજબૂત બંધન સ્પષ્ટ જણાતુ હતું.

પહેલા દિવસે નવા અભ્યાસીઓનો માસ્ટર સાથે પરિચય કરાવવામાં આવ્યો હતો. બીજા દિવસે માસ્ટરે તે જૂથ માટે સત્સંગ રાખ્યો હતો. 26મી જન્યુઆરીના રવિવારે, સાંજના સત્સંગ પછી તેઓને પૂજ્ય માસ્ટરને મળવા માટે આમંત્રિત કર્યા હતા. આ સત્ર દરમિયાન માસ્ટરે આફ્રીકન ડેલિગેટ્સ માટે થોડી ચિંતા અને ભય દર્શાવ્યો હતો.

## પૂજ્ય લાલાજી મહારાજનો 141મો જન્મોત્સવ- India


જોધપુર


મુંબઈ


ભીલવાડા


કોલક્તા


ઓસ્માનાબાદ


લખનૌ


હુબલી


ચીખલી


વારંગાંવ


ગુલબર્ગા

## અખિલ ભારતીય નિબંધ લેખન સ્પર્ધા 2013


શવગન્ગૈ



બેઆવર


બેલ્લારી

દર વર્ષે આંતરરાષ્ટ્રીય યુવક દિનની ઉજવણી માટે, SRCM અને યુનાઈટેડ નેશન્સ માહિતી કેન્દ્ર (UNIC) ભારત અને ભુતાન દ્વારા આયોજીત, અખિલ ભારતીય નિબંધ લેખન સ્પર્ધા 2013 સાથે બે સંસ્થાઓ વચ્ચે ભાગીદારી નાં નવ વર્ષ પુરા થયા. વર્ગ 1 (ધોરણ 9 થી 12) નો વિષય માસ્ટરે LMOIS વિદ્યાર્થીઓ સાથે કરેલી વાતમાંથી એક અવતરણ "મન ત્યારે જ ખુલ્લા હોય જ્યારે હૃદય ખુલ્લા હોય" હતો. વર્ગ 2 માટે (UG અને PG) નો વિષય હેનરી ડેવિડ થોરો નું એક વિચાર પ્રેરે એવું નિવેદન હતું. "એ બાબતો પ્રત્યે તમે જે જુઓ છો તે નથી પરંતુ તમે જે જુઓ છો તે છે." ભાગ લેનારાઓ વિષય પર ચર્ચા અને સંશોધન કરવા માટે મુક્ત હતા અને તેઓ પાસે આ વિષય પર આત્મનિરીક્ષણ અને તેમની પોતાની સમજણ પ્રસ્તુત કરવા માટે અપેક્ષા રાખવામાં આવી હતી. આ વર્ષે 12,193


કોલકત્તા


ઔરંગાબાદ



રાંચી

શૈક્ષણિક સંસ્થાઓમાંથી 1,78,589 વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. વર્ગ 1 માં ટોચનો એવોર્ડ ડૉ એ.એન. ખોસલા DAV પબ્લિક સ્કૂલ નાં હર્ષિતા ચારી, રુરકેલા (ઝોન 14, ઓરિસ્સા) અને વર્ગ 2 માં જયપુરીયા મેનેજમેન્ટ સંસ્થા, જયપુર (ઝોન 7, રાજસ્થાન) નાં અંકુર ચક્રવર્તી એ જીત્યો હતો. તે બંનેને ટ્રોફી આપવામાં આવી હતી અને UNIC નાં ડાયરેક્ટર અને SRCM નાં પ્રમુખનાં સંયુક્ત હસ્તાક્ષર વાળું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. બે ટોચના વિજેતાનાં નિબંધો એસ્આરસીએમ ની વેબસાઈટ પર મૂકવામાં આવ્યા છે. આ વર્ષે નિબંધ ઈવેન્ટનું SRCM નાં તમામ ઝોનમાં આયોજન કરવામાં આવ્યું હતું (30 ઝોન 2013માં). પુરસ્કાર વિતરણ સમારોહ વિવિધ કેન્દ્રો પર યોજવામાં આવ્યો હતો અને શાળા અને ઝોનલ સ્તરેએવોર્ડ વિજેતા તથા વાલીઓ અને શિક્ષકોની અભૂતપૂર્વ હાજરી જોવા મળી હતી. આ ઈવેન્ટનાં અહેવાલ નીચેનાં કેન્દ્રો માંથી આવ્યા હતા. TN દક્ષિણ (પરમકુડી, કોવિલપટ્ટી, તિરુપુર, ગોપિચેટ્ટિપલયમ, શિવગન્ગૈ), મહારાષ્ટ્ર (ચીખલી, અહમદનગર, મુંબઈ, ઓસ્માનાબાદ, પુણે, પૈથન), યુ.પી. (ઔરંગાબાદ, બરેલી, હરદોઈ, મેરઠ, મુરાદાબાદ, લખનૌ, શાહજહાનપુર), ઉત્તર કર્ણાટક (ગુલબર્ગા, હુબલી, બસવાકલ્યાણ, બેલ્લારી, બેલગામ), કેરળ (અલુવા, પાલક્કડ), રાંચી, દિલ્હી, પશ્ચિમ બંગાળ (સિલિગુરી, ખડગપુર, રાનીગંજ, કોલકત્તા), રાજસ્થાન (બેઆવર, બાલી), એ.પી. (કુરનુલ) અને પંજાબ (જલંધર).


રાનીગંજ


કોવિલપટ્ટી


મુરાદાબાદ


બાહેરી


પૈથન


પાલક્કડ


પુણે


ઝીરો


સિલિગુરી

# બાળકોના કાર્યક્રમો






## પુલગોન આશ્રમ, મહારાષ્ટ્ર

તા. 25 ડિસેમ્બર, 2013 નાં રોજ 140 બાળકો માટે એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમનું સ્વાગત સાન્તાકલોઝ નાં કપડાં પહેરેલા એક અભ્યાસીએ કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત ઓમેગાનાં બાળકો સાથે માસ્ટર ના વિડીયો થી થઈ હતી. બાળકો રમત અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં સંકળાયેલા હતા કે જેનાથી તેમનાં ચારિત્ર્ય અને નૈતિક જીવન માટે જરૂરી મૂલ્યો આત્મસાત કરવામાં મદદરૂપ નિવડી. વાલીઓ માટે એક વેલકમ ડેસ્ક ની વ્યવસ્થા કરવામાં આવી હતી. છત ઉપર બાગકામ ના પ્રદર્શન સાથે આખા દિવસનો કાર્યક્રમ પૂર્ણ થયો હતો. બાળકો તેમનાં ચેહરા પર તેજ અને ટૂંક સમયમાં ફરીથી બીજા કાર્યક્રમમાં આવવાની આતુરતા સાથે પાછા ફર્યા.

## લુધિયાના આશ્રમ, પંજાબ

તા. 5 જાન્યુઆરીએ લગભગ 22 બાળકોએ એક બાગકામ સત્રમાં ભાગ લીધો. બાળકોને ત્રણ જૂથમાં વહેંચવામાં આવ્યા હતા અને વ્યાવસાયિક ધોરણે ઉગાડવામાં આવતાં છોડ કે જેમાં જંતુનાશકો, કીટનાશકો અને કૃત્રિમ ખાતર નાંખવામાં આવે છે જે આરોગ્ય માટે ખૂબ જ હાનિકારક છે તેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. તેઓએ માટી ભેગી કરીને કુંડામાં ભરી અને બીયાં વાવ્યા તથા ઘણાં છોડને રોપ્યા. લક્ષણો શીખવાની આ પ્રવૃત્તિએ તેમના શબ્દભંડોળમાં વધારો કર્યો અને “ગો ગ્રીન શા માટે” નાં લેખન સત્ર માં પાંચ ‘R’ - રિફ્યુઝ, રિસાયકલ, રિચાર્જ, રિયુઝ, રિડ્યુસ ના ઉપયોગ અંગે તેમના વિચારો વ્યકત કરવા માટે પ્રોત્સાહિત

## જબલપુર આશ્રમ, મધ્ય પ્રદેશ

તા. 22–25 ડિસેમ્બર 2013 દરમિયાન 65 બાળકોએ શિયાળુ કેમ્પમાં ભાગ લીધો. આ કાર્યક્રમ એક આધ્યાત્મિક વાતાવરણમાં મૂલ્ય આધારિત શિક્ષણ પહોંચાડવા માટે રચાયેલ હતો. સ્વયંસેવકોની એક સમર્પિત ટીમે પહેલ કરી અને આ પ્રવૃત્તિ નું આયોજન કર્યું હતું, જેમાં કસરતો, રમતો, બાગકામ, કલા અને હસ્તકલા, ક્વિઝ, બોધ કથાઓ , પ્રેરક પ્રસ્તુતિઓ, પ્રેરણાદાયી ફિલ્મ શોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. એક સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન બાળકોએ તેમની જાતે જ કર્યું હતું. આ ઉપરાંત બાળકોની આરોગ્ય તપાસ નો કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યો હતો.

## કોલકાતા, પશ્ચિમ બંગાળ

તા. 29 ડિસેમ્બર 2013 ના રોજ BMA કોલકાતા એ એક અડધા દિવસનાં રમતનાં કાર્યક્રમથી તેમની દસમી વર્ષગાંઠ ઉજવી હતી. કાર્યક્રમની શરૂઆત બગીચામાં બાળકો દ્વારા રજૂ કરેલ એક નૃત્યથી થઈ હતી. ત્યાર પછી બધા વય જૂથનાં સહભાગીઓ માટે વિવિધ રમત પ્રવૃત્તિઓ રાખવામાં આવી હતી. વિધ્ન દોડ, ત્રીપગીની દોડ અને બાળકો માટે સંગીત ખુરશી મુખ્ય આકર્ષણ હતા. 10 નિયમો પર એક રમતનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લગભગ બધા અભ્યાસીઓએ ભાગ લીધો હતો. ઈનામ વિતરણ અને બપોરના ભોજન સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.










## યુવા કાર્યક્રમો

### યુવા મીલન, અલુવા, કેરાલા

વાલીચાપરામ્બુ, કોદુનગલ્લુર, એર્નાકુલમ, અંબાલ્લુર, કલાડી, થ્રીસ્સુર, પુલાની અને અલુવાથી આવેલા યુવાનો, ઝોનલ આશ્રમ ખાતે 15મી અને 16મી ફ્રેબ્રુઆરીના રોજ મળ્યા હતા. કાર્યક્રમનો ઉદ્દેશ્ય આવા પ્રકારના મીલનોમાંથી યુવાનોની અપેક્ષાઓને શોધવાનો હતો. સમૂહ ચર્ચાઓ અને વાતચીત દરમ્યાન, યુવાનોને તેમની નીયમિત સાધના માટે કેવી રીતે પ્રોત્સાહિત કરવા, અને આ રીતે બીજા યુવાનોને પધ્ધતિ પ્રત્યે આકર્ષિત કરવા, સહજ માર્ગના વિવિધ પાસાઓ વગેરે મુદ્દાઓને ચર્ચવામાં આવ્યા હતા. સાંજના, માસ્ટરના "હૃદયમાંથી સાંભળો" પ્રવચન બાદ, પ્રશ્નોત્તરીના સત્રનું સંચાલન કરવામાં આવ્યું. ઝેડ આઈ સી ભાઈ મોહને પોતાના વક્તવ્યમાં ધ્યાન અને સહજ માર્ગની સાધના કોઈ પણ વ્યક્તિ માટે "આત્મ ધર્મ"ને અનુરૂપ કેવી રીતે બને છે તે જણાવ્યું અને સવારની ચર્ચા દરમ્યાન ઉદભવેલા વિભિન્ન પ્રશ્નોનું સ્પષ્ટિકરણ કર્યું.

### ક્ષેત્રીય યુવા પરિસંવાદ, ગુવાહાટી, આસામ

ગુવાહાટી આશ્રમ ખાતે, 11મી અને 12મી જાન્યુઆરી ના રોજ "બદલાવ" વિષય ઉપર બે દિવસનો નિવાસી પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ પરિસંવાદમાં આસામ, નાગાલેન્ડ, મણીપુર અને મેઘાલયમાંથી આવેલા, બાવન અભ્યાસીઓએ હાજરી આપી. વરિષ્ઠ અભ્યાસીઓ દ્વારા વ્યક્તવ્યો, સમૂહ ચર્ચાઓ, આત્મ–નિરીક્ષણ, અને પ્રશ્નોત્તરી સત્રોથી સહજ માર્ગ વિષે વધારે જાણવાની તક પૂરી પાડી. પરિસંવાદના અંતે, સહભાગીઓ પોતાના અનુભવોને ડાયરીમાં લખવા માટે પ્રોત્સાહિત થયા હતા. પોતાના જીવનમાં સમર્થ ગુરુની અગત્યતાને દર્શાવતુ ટુંકુ ચલચિત્ર બતાવવામાં આવ્યું. સહભાગીઓ આવા વધારે પરિસંવાદોમાં અને 'ફેસ્ટ'ના કાર્યક્રમોમાં હાજરી આપવા માટે ઉત્સુક હતાં

### વડોદરા

વડોદરા ખાતે 29મી ડીસેમ્બર, 2013ના રોજ, 75 યુવાનો માટે સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. અભ્યાસી બહેનો માટે "કાર્યસ્થળ ઉપર સ્વ–રક્ષણ" ઉપરના સત્ર સહિત, બધા માટે 'ટ્રેઝર હન્ટ" સંચાલન કરવામાં આવ્યું. ત્યારપછી, કેમ્પ ફાયરનું આયોજન કરાયું હતું જેમાં અભ્યાસીઓએ અન્ય અભ્યાસીઓએ ગાયેલા ગીતોની મઝા માણી. કાર્યક્રમનું સમાપન 9:00 કલાકની પ્રાર્થના સાથે કરવામાં આવ્યું હતું.

### દિલ્હી

ગાઝીયાબાદ, નોઈડા, ગુરગાંવ અને સમગ્ર દિલ્હીથી આવેલા અભ્યાસીઓ માટે આર.કે. પુરમના આશ્રમ ખાતે, જાન્યુઆરી 2014ના સતત બે સપ્તાહ દરમ્યાન, સાપ્તાહિક રજાઓ દરમ્યાન નિવાસી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યં હતું (10 થી 12 અને 17 થી 19). આ કાર્યક્રમે પધ્ધતિ વિષેની તેઓની સમજને વધારે ગાઢ બનાવી, અને તેમની વ્યક્તિગત સાધના માટે ઉમંગ પેદા કર્યો. આત્મ– નિરીક્ષણ પ્રવૃત્તિઓ, આદાન–પ્રદાન સત્રો અને સમૂહ ચર્ચા જેવા સાધનાના વિવિધ પાસાઓની સમજને વધારે ગાઢ બનાવી. તેઓએ આશ્રમના સ્વયંસેવાના કાર્યમાં પણ ભાગ લીધો. સાંજના થોડા અભ્યાસીઓએ ભજનો ગાયા અને 'ઉપનીષદ ગંગા' નો એક પ્રસંગ પણ દર્શાવવામાં આવ્યો. સહભાગીઓ દ્વારા દર્શાવવામાં આવેલું અનુસાશન અને ઉમંગ તથા સ્વયંસેવકો દ્વારા દર્શાવાયેલી નિષ્ઠા હૃદયસ્પર્શી હતા.



## સંયુક્ત મંત્રીની ઉત્તર-પૂર્વના કેંન્દ્રોની યાત્રા.

ભાઈ એ.પી. દુરાઈએ (જોઈન્ટ સેક્રેટરી) 16મીથી 25મી જાન્યુઆરી 2014 દરમ્યાન આસામ અને અરુણાચલ પ્રદેશના કેંન્દ્રોની મુલાકાત લીધી. તેઓ ગુવાહાટી ખાતે 16મીના રોજ આવી પહોંચ્યા અને પછીના થોડા દિવસોમાં તેમણે ગુવાહાટી આશ્રમ, ટેન્ગા વેલીનું પેટા કેંન્દ્ર, બોમ્ડીલા નહાર્લાગુન, ઝીરો, પાસીઘાટ, એન. લખીમપુર, અને દિબ્રુગઢની મુલાકાત લીધી. આ સ્થળોએ અભ્યાસીઓ સાથે ઉપયોગી આદાન-પ્રદાનના સત્રોનું સંચાલન કરવામાં આવ્યું અને ઓપન હાઉસના આયોજનો કરવામાં આવ્યા હતા.

ભાઈ ઈશ્વર પ્રસાદ (ઝેડ આઈ સી), ભાઈ અરુણ પાઠક, ભાઈ ધાની ચંદ (ઝેડ આઈ સી), અને બહેન જ્યોત્સનાએ તેમની આ મુલાકાત દરમ્યાન તેમને સાથ આપ્યો હતો. મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય અભ્યાસીઓને અને પ્રશિક્ષકોને માસ્ટરની વધારે નજીક લાવવાનો હતો, જેની ચર્ચા 19મીની પ્રશિક્ષકોની મીટીંગ દરમ્યાન કરવામાં આવી.

પ્રશિક્ષકોની બે મીટીંગમાં, તેઓની પોતાની સાધના વિષેની સમજને મજબૂત બનાવવા અને તેઓના માસ્ટર સાથેના સંબંધોની જરૂરીયાત ઉપર ભાર મૂકાયો હતો. ટીમે અનુભવ્યું કે જ્યાં જ્યાં તેઓ ગયા, ત્યાં ત્યાં માસ્ટરની નજર તેઓની ઉપર હતી અને તેમને દરેક કદમ ઉપર માર્ગદર્શન આપી રહ્યા હતા.

## યુ-કનેક્ટ કાર્યક્રમ , જયપુર, રાજસ્થાન



આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિશ્વ વિદ્યાલયો, મહાશાળાઓ વગેરે થકી સહજ માર્ગની રજૂઆત કરીને યુવાનોમાં બદલાવ લાવવાનો છે. 19મી જાન્યુઆરીના રોજ સંચાલિત સત્રમાં યુ-કનેક્ટની 'માલીબા'ની સફળતાની કથા, સ્વયંસેવકાને જણાવવામાં આવી હતી, જ્યાં આવા કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી વ્યવસ્થિત રીતે કાર્યક્રમને અમલમાં મૂકવાની પ્રક્રિયા ની પરસ્પર આપલે કરવામાં આવી હતી. એક અભ્યાસીએ પોતાના કાર્યસ્થળમાં આ કાર્યક્રમને પ્રારંભ કરવાની સ્વૈચ્છિક તૈયારી દર્શાવી. જુલાઈ મહીનામાં નવા શૈક્ષણિક સત્રના ચાલુ થતા પહેલાં, આ એક શિખવાનો સારો અનુભવ આપશે.

## ક્ષેત્રીય સંમેલન, કોલકાતા, પશ્ચિમ બંગાળ

21મી અને 22મી ડીસેમ્બર 2013 દરમ્યાન બે દિવસના સંમેલનનું આયોજન કરાયું હતું. બાન્દેલ, રાનીગંજ, ખરગપુર, ક્રીષ્નાનગર, આસનસોલ, ચિતરંજન, બર્નપુર, કૂચ બિહાર અને દાર્જીલીંગ સહિત પશ્ચિમ બંગાળના વિવિધ ભાગોમાંથી આવેલા આશરે સાઈઠ અભ્યાસીઓએ આ સંમેલનમાં હાજરી આપી. સાધનાના વિવિધ પાસાઓ અને દસ નિયમો ઉપર ખાસ ભાર મૂકતા આ કાર્યક્રમનું સંચાલન બંગાળી ભાષામાં કરવામાં આવ્યું હતું. સંમેલને અભ્યાસીઓની ચિંતાઓ અને સમસ્યાઓના સમાધાન કરવામાં મદદ કરી. તેણે બંગાળી ભાષામાં ભાષાંતર કરનારી ટીમને પણ તેમની સામે પડેલા વિશાળ કાર્યને સહયોગથી કરવામાં અને આયોજન કરવામાં મદદ કરી. બે દિવસના સંપૂર્ણ સંમેલન દરમ્યાન આનંદ અને ભાઈચારાની લાગણી અનુભવાઈ અને બધા જ કાયાકલ્પ થઈને અને ઉમંગ સહિત પાછા ફર્યા.






## ફેસીલીટેટર ડેવલપમેન્ટ કાર્યક્રમ

### પનવેલ આશ્રમ, મુંબઈ

કાર્યક્રમનું સંચાલન 12મીથી 16મી ડીસેમ્બર 2013 દરમ્યાન કરવામાં આવ્યું જેમાં સમગ્ર મહારાષ્ટ્રમાંથી આશરે પચાસ સહભાગીઓએ હાજરી આપી. સહભાગીઓને 'સુવિધા'ને, દૈનિક જીવનમાં ઉપયોગમાં લેવાના એક સાધન તરીકે રજૂ કરવામાં આવ્યું. 'સુવિધા' અને 'ભાઈચારા' ઉપરની કાર્યશાળાએ સહભાગીઓને આત્મ-નિરીક્ષણ કરીને, બીજાને શાંતિથી શ્રવણ કરીને તથા હૃદયમાંથી બોલીને, સુવિધાની કળાને શિખવાને સક્ષમ બનાવ્યા. જી.આઈ.ટી.પી. મોડ્યુલોએ તેઓને 'સુવિધા' કરવા માટેનો હાથવગો અનુભવ આપ્યો. કાર્યક્રમનું સમાપન, માસ્ટર દ્વારા અપાયેલી તકને હૃદયપૂર્વક ઝડપી લેવાની વિનંતિ દ્વારા કરવામાં આવ્યું.

## ઝીરો આશ્રમ, અરુણાચલ પ્રદેશ

## પ્રકાશનું કેન્દ્ર





અરુણાચલ પ્રદેશના લોઅર સુબાનસીરી જીલ્લાનું વડું મથક, ઝીરો 5000 ફૂટ ઊંચાઈએ આવેલું છે. તે પ્રકૃતિની લોભામણી ભવ્યતાને રજૂ કરતો છૂટોછવાયો ડુંગરાળ પ્રદેશ છે. ઝીરો, રાજ્યના પાટનગર ઈટાનગરથી આશરે 180 કીલો મીટર દૂર અને ઉત્તર લખીમપુર આસામ પાસે આવેલા સૌથી નજીકના હવાઈ અડ્ડા લીલાબરીથી 176 કી.મી. દૂર છે. શીયાળામાં હવામાન એકદમ ઠંડું અને ઉનાળામાં માફકસરનું હોય છે. ઝીરો ઉચ્ચ સપાટ પ્રદેશની વસ્તી 25000 છે અને ત્યાં 'અપતાની' તરીકે જાણીતી સ્થાનિક આદિવાસી પ્રજા વસે છે, અને ડોન્યી પોલો તરીકે જાણીતા સૂર્ય તથા ચંન્દ્ર દેવતાને પૂજે છે.

સન 1985માં ઉત્તર પ્રદેશના ભાઈ કે.એન. તિવારી, જેઓ અરુણાચલના ખેતીવાડી ખાતામાં કામ કરે છે તેઓ બદલી થવાને કારણે ઝીરોમાં આવ્યા હતા. સપ્ટેમ્બર 1986ની એક સાંજે જ્યારે તેઓ પર્વત ઉપર ચાલી રહ્યા હતા ત્યારે તેમને એકાએક ત્યાં ધ્યાનમાં બેસવાની ઈચ્છા થઈ આવી. ત્યારબાદ તેમણે પ્રેમના પ્રતીક સ્વરૂપે ત્યાં આશ્રમ બાંધવાનું નક્કી કર્યુ. 1987માં સંપૂર્ણપણે પર્વતના શીખર ફરતે વાડ બાંધવામાં આવી. પાછળથી, બીજા અન્ય પૂજાના સ્થાનો આ ધરતી ઉપર આવ્યા. ત્યાર બાદ, સહજ માર્ગના તત્વજ્ઞાનનો લોકોમાં પ્રચાર કરવા માટે ઘરોની મુલાકાત લેવાનું શરૂ કર્યું તેઓની અભિરુચી જોતા, 1992 બાદ, તેમણે પ્રશિક્ષકો–ભાઈ પુરુષોત્તમ અગ્રવાલ (એન. લખીમપુર), ભાઈ ઈશ્વર પ્રસાદ અગ્રવાલ (તિન્સુખીયા) અને ભાઈ કે.બી. ચક્રબર્તી (ઈટાનગર)ને અભ્યાસીઓને મદદ કરવા વખતો વખત વિનંતિઓ કરી.

જ્યારે ભાઈ તિવારીના નિવાસ સ્થાને અભ્યાસીઓની સંખ્યા વધી, ત્યારે તેઓને એક આશ્રમની જરૂરીયાત અનુભવાઈ. જે વિસ્તારની જમીન અંગે અગાઉ દરખાસ્ત કરાઈ હતી, તે મુજબ, 12મી સપ્ટેમ્બર 1993ના રોજે, એસ.આર.સી.એમ.ને તે જમીન ફાળવવામાં આવી. માસ્ટરે ભાઈ ઈશ્વર પ્રસાદને નિયુક્ત કર્યા જેમને આશ્રમનું બાંધકામ કરવાની પરવાનગી 4થી જૂલાઈ 1994ના રોજ મંજૂર થઈ હતી. દૂરદરાજના પહાડી પ્રદેશને કારણે પરિયોજના દુષ્કર હોવા છતાં અભ્યાસીઓની માત્ર પ્રેમ અને સંકલ્પશક્તિ થકી ત્યાં આશ્રમ બાંધવાનું શક્ય બન્યું

14મી સપ્ટેમ્બરના રોજ, આશ્રમનું ઉદઘાટન`સ.આર.સી.એમ.ના તત્કાલિન મંત્રી, ભાઈ એસ.એ. સર્નાડ દ્વારા કરવામાં આવ્યું. ઉદઘાટન સમારોહમાં આસપાસના કેંન્દ્રોના આશરે સિત્તેર અભ્યાસીઓએ હાજરી આપી. જૂલાઈ 2003માં એસ.આર.સી.એમ.ના મંત્રી ભાઈ યુ.એસ. બાજપેયીએ આશ્રમની મુલાકાત લીધી હતી. મીશનની મંદીર સમિતી દ્વારા ઔપચારિક રીતે મીશનને જમીન ફાળવવામાં આવી હોવા છતાં, અરુણાચલ સરકારને 2000ની સાલમાં સરકાર તરફથી જમીન ફાળવવા માટે અરજી પ્રસ્તુત કરવામાં આવી હતી અને 1890 ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતી જમીન મીશનને ફાળવવામાં આવી હતી.

આશ્રમ બે માળના મકાનનો બનેલો છે, જેમાં 122 ચો. મી ક્ષેત્રફળ ધરાવતા ભોંયતળીયાના ભાગનો ઉપયોગ સામૂહિક શયનખંડ તરીકે થાય છે અને 128.38 ચો.મી. ક્ષેત્રફળ ધરાવતા પહેલા માળમાં શયનખંડ, અતિથી ખંડ, ભોજન અને બેઠક ખંડ સહિત સંલગ્ન બાથરૂમ, શૌચાલય, અને રસોડું ધરાવતો માસ્ટરનો ખંડ છે.




119 ચો.મી. ક્ષેત્રફળ ધરાવતો અર્ધ કાયમી બાંધકામ ધરાવતો અને કોર્યુગેટેડ ગેલ્વેનાઈઝડ (CGIની) પતરાની છતવાળો ધ્યાન ખંડ છે. બાજૂની દીવાલો વિભાજીત વાંસની પટ્ટીઓથી ગૂંથેલી મોટી શીટોની બનેલી છે. અભ્યાસીઓનું વર્તમાન સંખ્યાબળ એંસી કરતા વધારે છે અને રવિવારના સત્સંગમાં હાજરી વીસથી પચીસ અભ્યાસીઓની રહે છે. ઝીરો આશ્રમ આપણા મીશનને અરુણાચલ પ્રદેશના દૂરદરાજના ક્ષેત્રમાં ફેલાવવાનો હેતુ સારે છે.

To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org

© 2014 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.